## પ્રવચન નં. ૮૦ ગાથા–૨૦૬-૨૦૭ શુક્રવાર, અષાઢ વદ ૧૪, તા. ૦૪-૦૮-૧૯૬૭

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ૨૦૬, ૨૦૭, ૨૦૮ ગાથા. મુનિધર્મની વ્યાખ્યા ચાલે છે. પેટામાં શ્રાવકને પણ એનો એકદેશ ભાગ બધો લાગુ પડે છે. મુનિને સર્વથા લાગુ પડે છે. ગૃહસ્થાશ્રમમાં શ્રાવકને એકદેશ ભાગ બધા જેટલા પ્રકાર કહે, દસ પ્રકારનો ધર્મ, બાર પ્રકારની ભાવના, બાવીસ પ્રકારના પરિષહ, બધું સહન કરવાનું એકદેશે શ્રાવકને પણ હોય છે.

મુમુક્ષુ :– સહન કરવું..

ઉત્તર :– સહન કરવું એટલે કે જ્ઞાતાદૃષ્ટાપણે શાંતિ રાખવી. પ્રતિકૂળતા આવે. આવે, સંસારમાં અનંતવાર આવી છે, ભાઈ! સમજાણું? સમતા રાખવી. અશાતાનો ઉદય કે બહાર પ્રતિકૂળ સંયોગ અનંતવાર રહ્યા છે એટલા કે વાત કરી જાય નહિ. એટલું એણે બહારથી પરવશે સહન કર્યું છે. પરવશે કર્યું છે. જેની વાત સાંભળતા રૂંવાટા ઊભા થાય એટલી વેદના પૂર્વે (ભોગવી છે). ભગવાન જાણે અને એણે એ વખતે વેદી. કહે છે, ભાઈ! હવે તને મનુષ્યપણું મળ્યું અને સમ્યગ્દર્શનના ભાનસહિત આત્મા શુદ્ધ આનંદ છે, એના ભાનસહિત આવી પ્રતિકૂળતામાં શાંતિ રાખવી, સમાધાન કરવું એ આત્માનું હિતનું કર્તવ્ય છે. સમજાણું?

**'બાવીસ પરિષહો.'**

**क्षुत्तृष्णा हिममुष्णं नग्नत्वं याचनारतिरलाभः ।**

www.vitragvani.com



**दंशो मशकादीनामाक्रोशो व्याधिदु:खमङ्गमलम्।।२०६।।**

**स्पर्शश्च तृणादीनामज्ञानमदर्शनं तथा प्रज्ञा।**
**सत्कारपुरस्कार: शय्या चर्या वधो निषद्या स्त्री।।२०७।।**

**द्वाविंशतिरप्येते परिषोढव्या: परीषहा: सततम्।**
**संक्लेशमुक्तमनसा संक्लेशनिमित्तभीतेन।।२०८।।**

આ બે શબ્દ છેલ્લા. મનના સંકલેશ છોડીને, સંસારના સંક્લેશથી ડરીને ચોરાશી લાખમાં રખડવું, એનાથી ડરીને ધર્માત્માએ આ આવેલા બાવીસ પ્રકારના પરિષહો સહન કરવા. સમજાય છે કાંઈ?

**ટીકા :–** એના નામ આવી ગયા. નામ આવી ગયા. જુઓ! **'ભૂખ, તરસ, ઠંડી, ગરમી, નગ્નપણું, યાચના, અરતિ, અલાભ, મચ્છર વગેરેનાં ડંશ, નિન્દા, રોગ, દુઃખ, શરીરનો મળ, કાંટા વગેરે લાગવા, અજ્ઞાન, અદર્શન, જ્ઞાન, આદરસત્કાર, શયન, ચાલવું, આશન અને સ્ત્રીના એ બાવીસ પરીષહોને મુનિઓ સંકલેશ દૂર કરીને..'** મુનિઓ અને ગૃહસ્થો, એવા પ્રસંગમાં સંકલેશ, મલિનતાના ભાવને દૂર કરીને. **'સંકલેશભાવથી ડરતા...'** સંકલેશ નામ સંસારથી ડરતા. ચાર ગતિના ભયથી ડરતા જીવ **'સદૈવ સહન કરે છે.'** સમજાણું કાંઈ? **'હવે અહીં બાવીસ પરિષહોનું સંક્ષેપમાં વર્ણન કરે છે :–'**

**'૧. ક્ષુધા પરિષહ – બધા જીવો ભૂખના કારણે ઘણા દુઃખી થાય છે...'** ક્ષુધા. જુઓને! તિર્યંચોનો, મનુષ્યોને આ દુષ્કાળ પડે ત્યાં કેટલા માણસો અનાજ વિના મરી જાય છે. મરી ગયા ને? લાખો મરી ગયા છે. તિર્યંચો બિચારા જુઓને! આ ગાયો આદિ આમ પેટ મળી જાય. આહાર મળે નહિ, ઘાસ મળે નહિ. સમજાણું? આ છપ્પનિયાના બળદ જોયા હતા. છપ્પનિયાની ગાયું. છપ્પન.. છપન્ન.. દુકાળ. તે દિ' ઉંમર તો દસ વર્ષની હતી. પણ આમ જોયું હતું. ગાયોના ત્રાસ. પચાસ-પચાસ, સો-સો ગાયોના ટોળા. પેટમાં મળી ગયેલા. ઊભી ઊભી બોંકારે. ઘાસ મળે નહિ. એ ભરવાડ માથે જોયા છે, હોં! એ વખતે. માથે ધાબળો ગાયુ ઉપર નાખી રોવે, રોવે. એને તો ગાયો દિકરા જેવી છે ને? અરે..! અમે રોટલા ખાઈએ આને ઘાસ નથી.. ઘાસ નથી. એવા છપ્પનિયાની રાડ જોઈ હોય. સમજાણું? એ ગાયોની આંખમાંથી આંસુ ચાલ્યા જાય. કેટલા દિ' સુધી ઘાસ મળ્યા ન હોય. પેટમાં ક્ષુધા. ચાલવું શી રીતે? પાણી પીવું હોય ત્યાં જાવું શી રીતે? એવી શરીરની નબળાઈ. આમ ગાયની આંખમાંથી આંસુ ચાલ્યા જતા હોય અને ભરવાડ માથે ધાબળો નાખીને બિચારો ઊભો ઊભો રોતો જોયો છે અમે. લ્યો. 'છપ્પનિયા'માં. એવું તો અનંતવાર થયું છે. સમજાય છે?

**'બધા જીવો ભૂખના કારણે ઘણા દુઃખી થાય છે પણ મુનિમહારાજને જ્યારે ભૂખની પીડા હોય ત્યારે તેમણે એમ વિચારવું જોઈએ કે હે જીવ! તું અનાદિકાળથી સંસારમાં ભટકી**

www.vitragvani.com



**રહ્યો છે,...**' અહીં ગૃહસ્થાશ્રમમાં પણ જુઓને! શું કહેવાય આ? કેન્સર. અહીંયાં કેન્સર થાય. પેટમાં ભૂખનો પાર ન મળે. અને બધી સોએ ચીજ હોય. શું કરે? પાણી નાખે ત્યાં રાડ નાખે. 'પાલિતાણા' 'સાકરચંદભાઈ' હતા. જોયા હતા ને. ત્યાં ગયા હતા. એવું શરીર આમ સોનાની અડાયું હતું. સડી ગયું. મરી ગયા. 'સાકરચંદભાઈ' આ દિગંબરના મુનિમ હતા. કેન્સર થયું બધું સડી ગયું. છેલ્લે દર્શન કરવા ગયા હતા ત્યારે બોલી શકતા હતા. પેટમાં ભૂખ હોય, પણ પાણી અડે ત્યાં રાડ નાખે. પાણી અડે ત્યાં રાડ નાખે. એટલું સુંવાળું અંદર સડેલું. આ બધું ધોળું થઈ ગયું હતું. કહે છે, ભાઈ! એવી ક્ષુધાની વેદના અનંતવાર સહન કરી છે. ટાણા આવે ત્યારે શાંતિથી સહન કરજે, એમ કહે છે. સમજાણું? આહાર પણ પેટમાં ન જઈ શકે. મોઢું ખુલ્લું હોય. ગળે એવો સડો થયો હોય, એ પાણી અડે ત્યાં... આ... આહાહા..! આ કરતા એમ ને એમ રહું તો સારું.

મુનિમહારાજે અને ગૃહસ્થે એવી પીડા સહન કરી છે. એમ વિચારવું કે સંસારમાં ભટકતી વખતે અનેક પ્રકારની વસ્તુઓનું ભક્ષણ કર્યું. અનાદિથી અનેક વસ્તુ લીધી. '**પણ આજ સુધી તારી ભૂખ શાન્ત થઈ નથી તથા નરકગતિમાં પણ ખૂબ ભૂખ સહન કરી.**' કહો, નરકગતિમાં એટલી ભૂખ સહન કરી. આખી દુનિયાનું અનાજ આપે તો પણ કાંઈ તૃપ્તિ ન થાય. આખી દુનિયાનું પાણી આપે તો તૃષા ન મટે. એટલી તૃષા... એટલી તૃષા.. આહાહા..! '**હવે તું અત્યારે મોક્ષની પ્રાપ્તિ માટે તૈયાર થઈ રહ્યો છે, આ તારું શરીર અહીં જ રહી જશે...**' શરીર તો અહીં જ રહી જશે. '**(શાન્ત જ્ઞાનાનંદ સ્વરૂપમાં લીનતા વડે)...**' જોયું! અરે..! હું તો આત્મા છું. અવિકારી સ્વભાવ મારો છે. રાગરહિત આત્માનું સ્વરૂપ તો શાંત, અવિકારી વીતરાગી સ્વભાવ છે. એમાં શાંતમાં રહી અને સહન કરજે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા શુદ્ધ આનંદ સ્વરૂપ છે એ આનંદને શરણે જઈને સહન કરજે. એમ કહે છે. હઠથી સહન કર્યું એ સહન કર્યું કહેવાય નહિ. આહાહા..!

'**જેથી શીઘ્ર જ મોક્ષની પ્રાપ્તિ થઈ જાય. આ પ્રકારનો વિચાર કરતાં મુનિ ભૂખને જીતે.**' ભૂખને જીતે છે. એમ ગૃહસ્થાશ્રમમાં પણ ઘણા ઘણા એવા પ્રસંગ બને, છતાં નિરોગી શરીરે એક ક્ષુધા હોય, આ હોય. તૃષા લાગે. તૃષાનું હવે આવે છે. એનીમીયા થાય છે? શું કહેવાય છે? શરીર પીળું પડી જાય. આહાહા..! આમ ફિક્કુ-પીળું થઈ જાય. (સંવત) ૧૯૭૬ની સાલમાં 'ધાંગ્રધા'માં એકને જોયો હતો. 'ગોપાણી'ના યુવાન જમાઈ ચાપશીભાઈ હતા. એ પાણી... પાણી... કરે. ડોક્ટર કહે પાણી આપશો નહીં, હોં! પાણી આપશો નહિ. પાણી પીશે તો દેહ છૂટી જશે. યુવાન માણસ આમ. 'ધાંગ્રધા'માં દરવાજો પેલી કોર છે એની બહાર મકાન હતા. વીસાશ્રીમાળી (હતા). ૧૯૭૬ની સાલની વાત છે. ઘણા વર્ષ થઈ ગયા. ૨૪ + ૨૩ = ૪૭ વર્ષ થયા. છેવટે દિશાનું નામ લઈ, પાણી દિશા માટે માગ્યું. એ તો પાણી દેવું પડે. એ પાણી પીધું. એટલી તૃષા! આવું સહન અનંતવાર કર્યું છે ભાઈ!

www.vitragvani.com



આ કાંઈ નવું નથી.

લોકોને મળેલી સામગ્રીમાં કાંઈ નીરોગતા અને કાંઈક દેખીને એમ જ જાણે કે આ બધું આમ ને આમ રહેશે. ભાઈ! એ તો શરીર છે, પર વસ્તુ છે, ભાઈ! સમજાણું? એમાં અનેક અવસ્થાઓ ભજે. શાંતિથી સહન કરજે, ભાઈ! સમજાણું કાંઈ? શાંતિ એટલે? ભગવાનઆત્મા અંતર શાંત સરોવર ભરેલો છે ને, પ્રભુ! આહાહા..! અકષાય સ્વભાવથી ભરચક્ક છલોછલ ભરેલો આત્મા છે. અરે..! એમાં ખજાને ક્યાં ખોટ છે? એને શરણે જા, ભાઈ! તને શાંતિ મળશે એમ કહે છે. એમ પરિષહ સહન કર્યો આમ શાંતિ (રાખીને). આમ હઠથી સહન કરે એ પરિષહ કહેવાતો નથી. સમજાણું કાંઈ?

**'૨. તૃષા પરિષહ - બધા જીવો તરસથી ખૂબ દુઃખી થાય છે. જ્યારે મુનિમહારાજ ઉનાળાના વખતે પર્વતની ટોચ ઉપર બેઠા હોય છે...'** આહાહા..! ૧૧૮ ડિગ્રી તડકો, પર્વતની ટોચ ઉપર આમ ખુલ્લા માથે. આમ માથામાં કિરણો આવતા હોય, ધમધમાટ નીચે પથ્થર તપતા હોય, ઉપર એ તપતું હોય. શાંત.. શાંત... શાંત... સમજાણું? **'તેમને તરસ લાગે તે વખતે તેમણે એમ વિચારવું જોઈએ કે હે જીવ! તેં સંસારમાં ભટકતાં આખા સંસારનું પાણી પીધું છે....'** બધા દરિયાના પાણી તે અનંતવાર પીધા, ભાઈ! તારી તૃષા તૂટી નહિ. **'તો પણ આ તરસ છીપી નથી. નરકગતિ અને તિર્યંચગતિમાં તેં ઘણી તરસ સહન કરી છે...'** કહો, નરકની શું વાત? સાંભળતા એને ત્રાસ થાય એવી. પાણીનું બિંદુ ન મળે, એ ૩૩-૩૩ સાગર કાઢવા, એ શૂળ આકરા આવે અને રાત્રે ઉંઘ ન આવે. શૂળ.. શૂળ. તે પણ મનુષ્ય ભવના શૂળ સાધારણ. રાત્રે ઉંઘ ન આવે. આની તૃષા ૩૩ સાગરની. અગ્નિનું કડાયું હોય અને એમાં એક પાણીનું બિંદુ નાખે અને ચૂસી જાય, એમ અસંખ્ય દરિયાના પાણી આપો તો એક ક્ષણમાં ખલાસ થઈ જાય. એવી તૃષા. 'પોપટભાઈ'! એમ નથી કે આ શરીર નીરોગી મળ્યું, આ બધું લાડવા ખાઈશ ને... એ આમ ને આમ નહિ રહે. આહાહા..!

કહે છે, **'ભટકતાં આખા સંસારનું પાણી પીધું છે તો પણ આ તરસ છીપી નથી. થોડું પણ પાણી પીવા માટે મળ્યું નથી, તેથી હવે તું તરસ સહન કર અને આત્મધ્યાનમાં મન લગાવ...'** આહાહા..! સમજાણું? ભગવાનઆત્મા શાંત સ્વરૂપ છે ને પ્રભુ! એની આસ્થા બેઠી છે એની અહીં વાત લીધી છે. આહાહા..! ભગવાનઆત્મા વસ્તુ અકષાય સ્વભાવ સ્વરૂપ શાંત છે એમાં લીન થા, એમાં મનને લગાવ. ભાઈ! તને શાંતિ થશે. પરિષહનું દુઃખ થશે નહિ. **'આ તરસ કાયમને માટે મટી જાય.'** સમજાણું? **'આ રીતે ચિંતવન કરીને તરસની પીડા સહન કરવી–એને જ તૃષા પરિષહ કહે છે.'**

**'૩. શીત પરિષહ–ઠંડીથી સંસારના પ્રાણીઓ ખૂબ દુઃખી થાય છે. લીલાંછમ વૃક્ષો પણ બળી જાય છે..'** હીમ પડે છે ને હીમ? લીલાછમ વૃક્ષો બળી જાય, સુકાઈ જાય. સમજાણું? **'એવી પોષ અને મહા મહિનાની ઠંડીમાં પણ મુનિમહારાજ...'** આહાહા..! **'સરોવર કે નદીને**

**કિનારે બેસીને ધ્યાન કરે છે.'** આહાહા..! રાજકુમાર હોય છે. ચાર ગતિથી બીના છે. ચાર ગતિથી ડર લાગ્યો છે. ભાગ્યા છે ચારગતિથી. આહાહા..! આત્માના આનંદમાં લીન થવા ચાર ગતિથી ડરીને રાજકુમારો જંગલમાં ચાલ્યા ગયા છે. એ સરોવરના તીરે પાણી ભર્યા હોય એમાંથી ઠંડી હવા આમ ચાલી આવતી હોય, ઉઘાડે ડીલે કહે છે કે ઠંડી સહન કરે. એ આત્માની શાંતિને આશ્રયે. સમજાણું કાંઈ?

**'ઠંડીમાં પણ મુનિમહારાજ સરોવર કે નદીને કિનારે બેસીને ધ્યાન કરે છે. તે વખતે જ્યારે ઠંડીની પીડા થાય છે તો તે મુનિમહારાજ એવો વિચાર કરે છે કે હે જીવ! તેં અનાદિકાળથી ઘણી ઠંડી સહન કરી છે...'** અનંતવાર ભાઈ! તેં નરકમાં, ઢોરમાં સમજાણું? આમ ઉનાળામાં નજરે જોયું હતું. એક તડકો જરી આવ્યો. આ ઉધઈ થાય છે ને ઉધઈ? ઉધઈ નથી થાતી ઉધઈ? કીડા, દીમક થાય છે. આમ અમારે તો બપોરે દિશાએ જવાનું હોય ને બાર વાગે. અપવાસના પારણે. બહાર ધોમ તડકો હોય છે. 'પાળિયાદ'ની વાત છે, (સંવત) ૧૯૭૫. આમ જ્યાં બહાર નીકળે ત્યાં તડકો લાગે. જેમ ધાણી સસડે એમ સસડી જઈએ. નજરે જોયું છે આમ. ધાણી સમજો છો? ધાણી નથી હોતી? જુવાર. થૂલી કરે છે. એમ એ દિમક (ઉધઈ) હતી. બહાર નીકળી ને આમ માથે તડકો આવ્યો, ધોમ તડકો હતો. એ વખતે તો આઠમ, પાખીના અપવાસ કરીએ ને. બપોરે એક વાગે આહાર કરીને ધોમ તડકે જવું પડે. અમારે તો પછી અંદર સહનશક્તિ થઈ ગયેલી. એને જોઈને આમ સસડી ગઈ. પાછું શરીર પણ સસડી ગયું આમ ફડાક. એટલી અગ્નિ. તડકાની અગ્નિ. દિરુક નથી આવતી? શું કહ્યું હતું? ઉધઈ ઉધઈ. એવી ઉધઇપણે થઈને એવા અનંતા દુઃખ તેં સહન કર્યાં, ભાઈ! અત્યારે હવે ટાણા આવ્યા, મનુષ્યનો અવતાર છે, જૈનધર્મની પ્રાપ્તિ છે, તો હવે કહે છે કે આવા પ્રતિકૂળ વખતે શાંતિ રાખીને સહન કરજે. સમજાણું?

**'અનાદિકાળથી ઘણી ઠંડી સહન કરી છે અને તે ઠંડી દૂર કરવાને ઘણા ઉપાય કર્યા પરંતુ આજ સુધી ઠંડી મટી નથી. હવે તેં મુનિવ્રત ધારણ કર્યાં છે,..'** ભાઈ! તું સાધુ થયો છે. અહીં મુખ્ય તો સાધુને ઉદ્દેશીને વાત છે ને? પેટામાં ગૃહસ્થ છે. ભાઈ! તું મોક્ષમાર્ગી થયો છો. આહાહા..! તો સંસારમાર્ગી કરતા મોક્ષમાર્ગીના લક્ષણ કાંઈ ફરવા જોઈએ કે નહિ? એમ કહે છે. સંસારમાર્ગે રખડે છે ને ભાઈ! તું મોક્ષમાર્ગી થયો છો. તારે આ બધું શાંતિથી સહન કરવું એમ કહે છે. સમજાણું કાંઈ? **'આ જ પદથી મોક્ષની પ્રાપ્તિ થશે,...'** આત્માના ધ્યાનમાં મુનિવ્રત ધારણ કર્યાં છે, ભાઈ! એ પદથી તને શાંતિ-મુક્તિ થશે. **'તેથી હે જીવ! તું આ ઠંડીની બાધા-પીડા સારી રીતે સહન કર. આમ ચિંતવન વિચાર કરીને આત્મધ્યાનમાં લીન થવું તેને જ શીત પરિષહ કહે છે.'**

**'૪. ઉષ્ણ પરિષહ – ઉનાળાની ઋતુમાં સૂર્ય ખૂબ તપી રહ્યો છે, આખી દુનિયાના પ્રાણીઓ ગરમીની પીડાથી વ્યાકુળ થઈ..'** ઘરમાં જઈ અને ફુવારામાંથી જ્યાં પાણી નીકળે

ત્યાં જઈને બેઠા હોય છે. **'નદી, સરોવરનું જળ સુકાઈ ગયું છે...'** ઉનાળામાં. **'એવા વખતે મુનિમહારાજ પથ્થરની શીલા પર બેસીને...'** દાઝે નગન શરીર, આવે છે ને? તપ તપે શૈલ શીખર પર. ભાઈ! એ તો વસ્તુનો સ્વભાવ જેણે જાણ્યો છે એ ઉગ્રપણે પુરુષાર્થ કરે છે, એને આવા પ્રતિકૂળ પરિષહ આવે તો સહન કરવા. સમજાય છે? નાના-મોટા પ્રસંગો તો અનેક જીવોને આવે છે. એમાં એણે આત્માની દૃષ્ટિ રાખીને સહન કરવું જોઈએ. કોઈની દુનિયાની એમાં પરવાહ કરવી નહિ.

**'હે આત્મા!'** આ એક વાત નવી છે. **'તેં અગ્નિપર્યાય ધારણ કરીને ખૂબ ગરમી સહન કરી છે,...'** એવું લીધું છે. એ તો એનું શરીર જ ગરમ છે. એમાં એક એવું લીધું છે. અગ્નિપર્યાય. અગ્નિ છે તેનું શરીર જ ઊનું હોય. એમ એટલું લેવું છે. શરીર ઊનું હોય. **'એમ વિચાર કરે છે કે હે આત્મા! તેં અગ્નિપર્યાય ધારણ કરીને ખૂબ ગરમી સહન કરી છે, નરકગતિમાં ખૂબ ગરમી સહન કરી છે,...'** પહેલી, બીજી, ત્રીજી નરકમાં અગ્નિ. લાખ મણનો લોઢાનો ગોળો એક ક્ષણમાં પાણી થઈ જાય, એવી ત્યાં ગરમી. પહેલી નરકમાં લાખ મણનો લોઢાનો ગોળો મૂકો તો એક ક્ષણમાં પાણી. એટલી ગરમી. ગરમીથી પાણી થઈ જાય. જેમાં ઠંડીમાં હીમ પડીને વન બળી જાય. એમાં ભાઈ! તેં ઘણા વર્ષ, ૩૩ સાગરોપમ, સાગરોપમમાં ત્યાં પહેલી નરકે રહ્યો. એવા અનંતા ભવ ત્યાં કર્યા છે. ભૂલી ગયો ભૂલી.

મુમુક્ષુ :– આવું વિચારવું પડે એટલી વાર તો ...

ઉત્તર :– નહિ. નહિ. વિચારવું એટલે સહન ન કર્યું એમ નહિ. વિચારે એ જ્ઞાનની ધારા વહે છે એમ કહે છે. વિકલ્પ છે, એ તો વિકલ્પ છે પણ અંદર એટલી સ્થિરતા છે, એમ કહે છે. એને સહન કરવાની ભાવના તો હોય ને? જ્યાં સુધી અસહન નથી થયું એમ નહિ. પરિષહનો અર્થ પ્રતિકૂળતા આવી ત્યાં આગળ આત્મામાં શાંતિથી સહન કરવું એમ વિચારની ધારા આવી કરવી એવો એનો અર્થ છે. વાત તો એમ છે ને? થોડી અસહનશીલતા થઈ ગઈ છે અને પછી આ, એમ નથી આ. અસહનશીલતા થઈ તો તો પરિષહથી જીતાઈ ગયો, એ જીત્યો નથી. સમજાણું? એ વ્યાખ્યા એકવાર થઈ હતી. ખબર છે? 'ફૂલચંદજી' હતા ને. એમ ખબર છે ને. (સંવત) ૨૦૦૩ ની સાલ. પરિષહ એટલે કે જરીક પ્રતિકૂળતા આવે.. બીજા કો'ક કહેતું હતું. પ્રતિકૂળતા આવે ત્યાં દુઃખ થાય, એને સહન કરવું એ પરિષહની વ્યાખ્યા જ નથી. દુઃખ થાય એને સહન કરવું.. આ ભાઈએ પ્રશ્ન કર્યો હતો. કે થોડું અસહનશીલતા આવે પછી સહન કરવું. એમ નહિ. પહેલેથી જ શરૂઆતથી સહનશીલતા છે. એનું નામ પરિષહ. પરિષહ સહન કરવા એટલે કે દુઃખ થયું એને સહન કરવા. એમ વ્યાખ્યા નથી. પરિષહ એટલે પ્રતિકૂળતા આવી છે તે જ ક્ષણે અહીં શાંતિ રાખે છે. 'અમરચંદભાઈ'!

એ જરી પ્રશ્ન ઉઠ્યો હતો તે દિ'. કો'કે કહ્યું હતું નહિ? કે આમ થાય. કોણે કહ્યું

www.vitragvani.com



હતું? પ્રશ્ન ખબર છે? ૨૦૦૩ ની સાલમાં થયો હતો, ખબર છે. પરિષહનું કો'ક કહેતું હતું કે થોડુંક દુઃખ થાય એને પરિષહ કહેવાય, એને જીતવો. એ પરિષહની વ્યાખ્યા જ નથી. સમજાણું? ૨૦૦૩ સાલમાં. વીસ વર્ષ થયા. અહીં તો ઘણા ઘણા પ્રશ્નો આવેલા ને? અરે..! ભાઈ! એમ ન હોય. પહેલું તો એમ કહે, અંદરમાં દુઃખ આવે. એવી વાત જ નહિ. દુઃખની વ્યાખ્યા તો પ્રતિકૂળતા બસ એટલી. નિમિત્તમાં.

મુમુક્ષુ :– તકલીફ વેદવી ...

ઉત્તર :– તકલીફ નહિ. તકલીફ-પકલીફ નહિ. તકલીફનો અર્થ શું? સંયોગ.

મુમુક્ષુ :– સમાધાન માટે વિચાર કરે છે.

ઉત્તર :– એ સમાધાન માટે તો પ્રશ્ન ચાલે છે. અમારા પંડિતજીએ એ માટે પ્રશ્ન કર્યો છે. અંદરમાં તકલીફ થઈ છે, તો સમાધાન (કરે છે) એમ નહિ. બહાર પ્રતિકૂળતાનું નિમિત્ત આવ્યું છે, તેમાં આવી વિચારધારાથી સહજ સ્વરૂપમાં લીનતામાં એ વિચારધારા ચાલે છે એવી વાત છે. અંદરમાં દુઃખમાં થાય તો ખલાસ થઈ ગયું. પરિષહથી જીતાઈ ગયો. જીતાઈ ગયો પછી જીતવો એ પ્રશ્ન જ ક્યાં છે? સમજાણું કાંઈ?

એને આમ છે ને, ભાઈ! પહેલો રાગ આવે, એ રાગનો ખ્યાલ આવ્યો, તો બીજે સમયે એને જીતવો. એમ હોય જ નહિ. એ વસ્તુનું સ્વરૂપ એમ નથી. સમજાણું કાંઈ? પહેલો રાગ આવ્યો. પહેલો રાગ આવ્યો ત્યાં થઈ રહ્યું, પછી દુઃખી-દુઃખી થઈ ગયો. પછી બીજે સમયે રાગને ટાળવો એમ હોય નહિ. બીજે સમયે એને શું ટાળે? વાત સૂક્ષ્મ છે, સમજાય છે? જે સમયે પ્રતિકૂળતાનું નિમિત્ત છે જ સમયે શાંતિનું પ્રગટપણું કરે એનું નામ પરિષહજય કહેવામાં આવે છે. પરિષહ... નથી આવતું? નિર્જરા હેતુ, માર્ગ ... એ હેતુ છે. દર્શન-જ્ઞાન-ચારિત્રથી જે ખસતો નથી, તે નિર્જરા હેતુએ પરિષ.. એનું નામ છે. સમજાણું કાંઈ?

આ તો વિચારમાં આ જાતનો જ્ઞાનમાં વિચાર કરે. અંદરમાં અસહનશીલતા થઈ ગઈ છે અને હવે સહન કરે છે, એમ નથી. નિમિત્તો પ્રતિકૂળ છે. ભાઈ! મોટી વાત છે, હોં! મોટો વાંધો તત્ત્વનો છે. નહિતર પરિષહમાં પહેલું દુઃખ થાય, પછી જીતે એ પરિષહનું સ્વરૂપ જ નથી. સમજાણું કાંઈ? એ 'શેઠી'! નિમિત્ત પ્રતિકૂળ છે કે અનુકૂળ. એ સ્ત્રી આદિના બધા પરિષહ છે કે નહિ? તે જ ક્ષણે અંદરમાં સ્વભાવ સન્મુખમાં શાંતિ રાખે છે, એનું નામ પરિષહજય કહેવાય છે. પહેલો પરિષહમાં જીતાય જાય પછી વળી જીતે એ વસ્તુસ્થિતિ ક્યાં છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના ના એ પરિષહજય નહિ. પહેલા દુઃખી થાય, પછી એને વિચારધારાથી ટાળું, એમ નહિ.

મુમુક્ષુ :– એ તો દુઃખી થઈ જ ગયો.

www.vitragvani.com



ઉત્તર :– થઈ ગયો. વાત ઇ છે. સમજાય છે? તો પછી એનો અર્થ કે જ્યારે જ્યારે પરિષહ સહન કરનારને પહેલું દુઃખ થાય પછી પરિષહ સહન કરે. એ વસ્તુનું સ્વરૂપ જ નથી. સમજાણું કાંઈ? એ તો એક પોતાના આત્માના શરણે જવા માટે એક આ વિચાર હોય, વિકલ્પ હોય પણ અંદર... કહો, 'પોપટભાઈ'! વાતે વાતમાં બહુ ફેર છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. ન્યાયથી એણે જોવું જોઈએ. પહેલા એ પ્રશ્ન હતો ને? કે પહેલો તો રાગનો ઉદય આવે એટલે રાગ થાય, એ જણાય ત્યારે રાગને જીતાય ને? એવી વાત જ હોય નહિ. એવું સ્વરૂપ જ નથી. સમજ તો ખરા. એમ કે ખ્યાલ આવ્યો કે રાગ થયો. અરે...! મને રાગ. હવે મારે જીતવો. કોને જીતીશ પણ? રાગ તો આવી ગયો અને જીતાઈ ગયો. હવે કોને જીતવો? એ રાગ તો બીજે સમયે નાશ જ થઈ જશે. તું ન જીત તો પણ નાશ થઈ જશે. એને ક્યાં જીતવો હતો. સમજાણું કાંઈ? 'શેઠી'! સૂક્ષ્મતા છે, ભગવાન! આહાહા..!

ભગવાનઆત્મા.. કહે છે કે તૈયાર જ છે. એમ કહે છે. જ્યારે જ્યારે પ્રતિકૂળતાનું નિમિત્ત છે તે ક્ષણે તૈયાર છે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આહાહા..! એવું જ એનું સ્વરૂપ છે, દૃષ્ટિમાં લીધું છે, અને જ્યારે જ્યારે એવું હોય છે ત્યારે એ સ્વભાવ સન્મુખની શાંતિમાં તૈયાર જ છે, એમ કહે છે. સમજાણું? 'શ્રીમદ્'માં એક વેદનાનો પત્ર છે. 'વનમાળીદાસભાઈ' કોઈક છે. વેદના વખતે ધર્મીને ઘણી શાંતિ હોય છે. એ વખતે નિર્જરાનો ઘણો હેતુ હોય છે. એ વખત. સમજાણું? એમના પત્રોમાં ઘણી સૂક્ષ્મતા છે, હોં! એમ ને એમ (વાત) નથી.

મુમુક્ષુ :– એ માટેની જાણકારી હોવી જોઈએ..

ઉત્તર :– એ જાણકારી શું? એ તો છે. એમાં લક્ષ જ ક્યાં છે. જાણે કે અહીં કાંઈક છે. પણ સહન તો સ્વભાવ સન્મુખ કરે છે. એના તરફ રાગ કરે છે અને પછી જીતે છે એમ નથી. એમ પ્રતિકૂળતા આવી અને દ્વેષ થયો, પછી જીતે, તો એ વસ્તુ ફરી જાય છે. સમજાણું કાંઈ? આવો વિચાર આવ્યો ખરો એટલે પ્રશ્ન ઉઠે કે પહેલું તો દુઃખ થતું હશે ને? પણ એ તો બહારનું પ્રતિકૂળ આવ્યું છે એ અપેક્ષાએ.

મુમુક્ષુ :– દુઃખ થાય તો જ પરિષહ સહન કર્યો કહેવાય.

ઉત્તર :– દુઃખ ક્યાં હતું? દુઃખ હતું તે થઈ ગયું તો થઈ ગયું. પણ જ્યારે જ્યારે પરિષહ સહન કરે ત્યારે પહેલું દુઃખ આવે એવો સિદ્ધાંત થઈ ગયો. સમજાણું? '...ભાઈ'. આહાહા..! રાજકુમારોના આમ માખણ જેવા કુણા શરીર હોય, એ આત્માના (આનંદમાં) પત્થર ઉપર બેઠા હોય. ઉપરથી અગ્નિ, ધોમ તડકો, ૧૧૮ ડિગ્રીનો તડકો વરસતો હોય, નીચે શીલા ઊની થઈ હોય. આનંદ... આનંદ... આનંદ. અરે..! ભગવાનના પુત્ર થયા એને,

ભગવાનના ભેટા થયા હવે એને ખામી શું? એમ કહે છે.

મુમુક્ષુ :– લથડપથડ ન હોય.

ઉત્તર :– ન હોય એને. શાંત... શાંત.. શાંત.. સમજાણું?

**'અત્યારે કઈ વધારે ગરમી છે?...'** અત્યારે તો થોડી છે. એવી ગરમી તો શરીરમાં અનંતવાર થઈ ગયેલી છે. શરીરમાં ગરમી, આમ ધાણી ફૂટે એવી ગરમી શરીરમાં હોય. ધાણી સમજો છો? ધાણી નથી સમજતા? જુવાર આદિ ફુલાવે છે ને? ફુલાવે છે. અગ્નિમાં શેકે છે. પોચી પોચી થઈ જાય. એને અમારે ત્યાં ધાણી કહે છે. શેકાય જાય. સમજાય છે? એ વખતે પણ શાંત.. શાંત...

અમારે 'બોટાદ'માં એક વાણિયો હતો. પોહા કરે ને પોહા? એ તો દૃષ્ટિ ખોટી. આ તો એક બહારની (વાત છે). પોહા કરે તો તૃષા લાગે તો તડકે બેસે. એ 'ન્યાલભાઈ'! અમારે તો બધા નમુના થઈ ગયેલા ને. દીક્ષા પહેલા એ વાત સાંભળેલી. બહુ તૃષા લાગે. પોહા સમજો છો ને? પ્રોષધ કર્યો હોય. ઉપવાસ પ્રૌષધ. તૃષા ઘણી લાગે, ઉનાળાનો દિવસ હોય, પાણી પીવાય નહિ, જ્યાં તૃષા લાગે, ધોમ તડકો હોય ત્યાં જઈને બેસે. શું કરો છો ભાઈ? એ પોષાને પાણી પાઉ છું. હઠ હઠ. હઠથી (કરે). 'સેઠી'! એક હતો ત્યાં. છેવટે એણે સંથારો કરી નાખ્યો. યુવાન છોકરો હતો. પણ એ વેગી માણસ હતો. સગપણ કર્યું હતું, ત્યાં જઈને કાપડું દઈ આવ્યો. બહેન કરીને દાગીના પાછા આપ્યા. તું બહેન છો. એમ કે હવે મારે તો સંથારો કરવો છે. યુવાન બાવીસ વર્ષનો. અને જેઠ મહિનાનો તડકો. રોટલી અને રસ ખાધો. રસ અને રોટલી. ખાઈ અને પાણી પીધું. પાણી પીને જાવજીવનો ચોવિહાર. ચોવિહાર સમજો છો? આહાર-પાણીનો ત્યાગ. ચારે આહારનો જાવજીવ ત્યાગ. એય..! 'ન્યાલભાઈ'! પછી પીડા.. પીડા... બાર દિવસ રહ્યા. બાર દિવસ કાઢ્યા. ઉનાળાના દિવસ. પીડા તે પીડા. આમ તપે. લાવા નીકળે હાથમાં. ગરમી.. ગરમી... પણ હઠથી પૂરું કર્યું. પણ એ કાંઈ પરિષહ ન કહેવાય.

પરિષહ તો સમ્યગ્દર્શન થયા પછી, પ્રતિકૂળતાના નિમિત્ત કાળે સહન કરવાનો સ્વભાવનો આશ્રય અને સહન કરે એને પરિષહ કહેવામાં, જીતવામાં આવ્યો એમ કહેવામાં આવે. મિથ્યાદૃષ્ટિને પરિષહ હોય નહિ. પાંચમાં ગુણસ્થાન, છઠ્ઠા ગુણસ્થાનવાળાને પરિષહ લાગુ પડે. કારણ કે જ્યાં શાંતિનું ભાન થયું છે. એને શાંતિપણે સહનશીલતા આવે એને પરિષહ સહન કર્યા કહેવાય. મિથ્યાદૃષ્ટિને પરિષહ આવ્યા અને એણે જીત્યા એમ હોય જ નહિ એને. સમજાણું કાંઈ? ભાઈ! વાતું તો આ વીતરાગમાર્ગની એવી છે.

'મૂળી'માં એક જણે સંથારો કર્યો હતો. મોટી ઉંમરે સંથારો કર્યો હતો. બહુ ગરમી લાગી, બહુ ગરમી લાગી. એ જઈને વેળુમાં તડકે પડેલો. નદીનો.. 'મૂળી'માં ભોગવો (નદી છે ત્યાં) જઈને પડ્યો. એ વખતે ક્રિયાકાંડી હઠવાળા બહુ થતા. ક્રિયાકાંડના હઠ હોય. મૂળીમાં

www.vitragvani.com



ગૃહસ્થ હતા. એ પડ્યો અને પછી ભાઈ! તૃષા... ત્યાંથી ગામમાં ન આવું કહે. ત્યાં માથે ઢાંકીને થોડી ઝૂપડી કરી. અમે બધા ગયા પછી... છેલ્લે બોલી ગયો કે મેં તો પૂરું પાડ્યું છે પણ બીજાઓ આમ હઠ કરશો નહિ. હઠથી પૂરું કર્યું, પછી શું થાય? વેદનાનો પાર ન રહે.

અહીં તો શાંતિના સરોવરમાં પેસીને સહન કરવું છે એમ કહે છે. પરિષહ સમકિતીને જે આવે એમાં શ્રાવક થાય એને પરિષહ લાગુ પડે, ભાઈ! ચોથેથી પરિષહ લાગુ ન પડે એમ વાત છે. ચારિત્રનો અંશ પ્રગટ્યો છે ત્યારે એને ખરેખર તો પરિષહ લાગુ પડે છે. સમજાણું કાંઈ? પ્રભુનો માર્ગ એવો છે, ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. આ કાંઈ કલ્પિતથી ઊભું કરેલું નથી. વસ્તુની સ્થિતિ એવી છે.

ભગવાનઆત્મા રાગથી ભિન્ન સ્વરૂપનું જ્યાં ચૈતન્યનું ભાન છે, કહે છે કે એમાં જ્યારે વિશેષ સ્થિરતાનો અંશ આવ્યો છે અને પૂર્ણ સ્થિરતાનો અંશ મુનિને આવ્યો છે, એવા પ્રસંગે આવો પ્રસંગો ભજતા શાંતિ.. શાંતિ.. શાંતિ (રહે) એને નિર્જરા થાય છે, એને પરિષહજય કહેવામાં આવે છે. સ્વરૂપ તો આવું છે, ભાઈ! આહાહા..! હઠથી માની લે કે કલ્પનાથી માની લે એ કાંઈ વસ્તુસ્થિતિ છે? સમજાણું?

**'મુનિવ્રત ધારણ કર્યાં છે, આટલી થોડીક ગરમીની બાધા આનંદથી સહન કર–'** આનંદથી સહન કર. આહાહા..! પેલો તડકે જઈને હઠ કરતો. આ અંદરમાં જા એમ કહે છે. ભગવાન તને શાંતિનો ભેટો થશે, બાપા! શાંત થા. સ્વભાવનો ઉગ્ર આશ્રય લે. શાંતિ થશે. ત્યાં તારે હઠથી સહન કરવું નહિ પડે. શાંતિથી. એ જ્ઞેય તરીકે જાણ એમ કહે છે, સમજાણું ? **'આમ ચિંતવન કરતાં ઉષ્ણ પરિષહને જીતે છે–એને ઉષ્ણ પરિષહ કહે છે.'** લ્યો.

**'૫. નગ્ન પરિષહ — મુનિરાજ સમસ્ત પ્રકારનાં વસ્ત્રોનો ત્યાગ કરીને...'** મુનિને તો વસ્ત્રનો તાણો હોતો નથી. નગ્ન મુનિ... નગ્ન મુનિ. અંતરમાં આનંદના ભાન છે, બાહ્યમાં મુનિના નગ્ન શરીર હોય છે. મુનિને વસ્ત્ર-પાત્ર હોય નહિ, વસ્ત્ર-પાત્ર રાખે એ મુનિ નહિ. 'અમરચંદભાઈ'! આ બધા વસ્ત્ર-પાત્ર (રાખે) છે એ મુનિ મનાવે છે એ ગ્રહિત મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આકરી વાત છે, ભાઈ! માર્ગની રીત તો જેમ હોય એવું આવે કે નહિ?

**'સમસ્ત પ્રકારનાં વસ્ત્રોનો ત્યાગ કરીને નગ્નદિગંબરપણે રહેતાં અખંડ બ્રહ્મચર્યનું પાલન કરીને...'** આહાહા..! શરીરના બધા અવયવો ખુલ્લા. આત્માને પણ અંદર ખુલ્લો મૂકી દીધો છે. જેને આમ નગ્ન શરીર છે તો કાંઈ લાગતું નથી. બાળકની પેઠે હોય છે. આહાહા..! એવી આત્માની લગની લાગી છે એને. અંતરની એવી લગની લાગી કે જેને શરીર નગ્નપણું બાળ જેવું દેખાય છે. કાંઈ એનો વિકલ્પ છે નહિ. આહાહા..! સમજાણું? એ રાજકુમાર હોય આમ. ૨૫-૨૫ વર્ષના મણિરત્નની પુતળી જેવા ચાલી નીકળ્યા છે. એક મોર પીંછી, કમંડળ. અપવાદીક ઉપકરણ, અપવાદીક ઉપકરણ. આહાહા..!

www.vitragvani.com



કહે છે, સર્વ વસ્ત્રોનો ત્યાગ કરી, આ અનાદિનો માર્ગ આ છે, હોં! પક્ષની આ વાત નથી કે દિગંબરના સાધુ આવા હોય અને શ્વેતાંબરના સાધુ આવા હોય. આ વસ્તુનું સ્વરૂપ જ એવું છે કે મુનિપણું અંતરમાં, આનંદમાં જ્યાં પ્રગટે,... ઓહો..હો..! ત્રણ કષાયનો અભાવ થઈને સ્વરૂપમાં જ્યાં વીતરાગતા પ્રગટી છે, પ્રચુર સંવેદન–સ્વસંવેદન જ્યાં અંદર જાગ્યા છે, એને વસ્ત્ર અને પાત્ર લેવાની વૃત્તિ ક્યાં છે? એને તો અંદરમાં ઠરી.. ઠરી.. ઠરીને કેવળજ્ઞાન લઉં, કેવળજ્ઞાન લઉં એટલે કે પૂર્ણ થાઉં, એમ, એવી જ્યાં જમવટ વાગી છે એને આ ક્યાં હોય. અંતે આ એકવાર કરવું પડશે. હોં! એના વિના કોઈને મુક્તિ થાય (એમ બનવાનું નથી). આહાહા..!

મુમુક્ષુ :– સાચા મુનિ આવા હોય છે.

ઉત્તર :– આવા હોય છે. આહાહા..!

જુઓ! **'અખંડ બ્રહ્મચર્ય...'** અંદર. આનંદ. બ્રહ્મ એટલે આનંદમાં ચરનાર. પોતાનો આનંદ ભગવાનઆત્મા, એમાં ચરીને બ્રહ્મચર્ય પાળનાર. આહાહા..! **'પોતાના આત્મધ્યાનમાં લીન રહે છે.'** નગ્નપણું છે એ શરીરનું છે. પોતે પરથી ભિન્ન છે. હું શરીરરૂપે છું કયાં? શરીરમાં છું ક્યાં? હું તો મારામાં છું. સમજાણું કાંઈ? મુનિઓનો વાસ આત્મામાં છે. શરીરમાં અને બહારના ક્ષેત્રમાં નથી. આહાહા..! એવું **'નગ્ન રહેવાથી રંચમાત્ર દુઃખ માનતા નથી...'** દુનિયાને તો આમ લજ્જા આવે, આ થાય. બાળકની પેઠે સરળ ભદ્રીક. સરળ હોય. ભદ્રીક એવા હોય. હોય મહાવિચિક્ષણ પણ ભદ્રીક હોય છે. કોમળ, સરળ... આહાહા..!

અરે..! વીતરાગના માર્ગી, મોક્ષમાર્ગી જીવો કેવા હોય? આહાહા..! જેણે કેવળજ્ઞાનના મંડપ નાખ્યા. કેવળજ્ઞાનને લેવા કે લઉં છું એવી દશા મુનિની હોય છે. એટલે કે પૂર્ણ થવું એમ. જામી જવું, આમાં જામી જવું. બહાર નીકળવું એને ગોઠતું નથી. આવે છે ને? સદાય આવળી.. નથી આવતું? આવળી સદાય રહી જવું. પાછળ પડીકમ્મણામાં (આવે છે). હવેના કાળની શ્રેણી બધી સ્વરૂપની સ્થિરતામાં જાજો. એવી મુનિની ભાવનામાં આ પરિષહ સહન થઈ શકે છે. સહન થઈ જાય છે એમ કહે છે.

**'હંમેશા પોતાના આત્મામાં લીન રહે છે-એને નગ્ન પરિષહ કહે છે.'** જુઓ! આ મુનિની દશાનું વસ્તુનું સ્વરૂપ. એવું એણે બરાબર નવ તત્ત્વમાં આવું સંવર-નિર્જરાનું સ્વરૂપ છે એ માનવું જોઈશે. મુનિપણું એટલે સંવર-નિર્જરાની ઉત્કૃષ્ટતા. દેવ એટલે, કેવળ એટલે મોક્ષ. સમજાણું કાંઈ?

**'૬. યાચના પરિષહ - મુનિરાજને ભલે મહિનાઓ સુધી આહાર ન મળે, વર્ષો સુધી પણ ન મળે છતાં તે મુનિરાજ કદી કોઈ શ્રાવક પાસે આહારની યાચના કરતા નથી,...'** તૃષા બહુ લાગી છે, ક્ષુધા બહુ લાગી છે. વિકલ્પ નથી. આહાહા..! યાચના નહિ... યાચના નહિ... મને આહાર આપો મુનિને એમ ન હોય. બધા કહેને યાચના પરિષહ છે ને? યાચના

www.vitragvani.com



ન કરવી એ પરિષહ છે. યાચના કરવી અને માનભંગ થવો એ પરિષહ નહિ. આહાહા..! મોટી વ્યાખ્યા કરી છે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ધર્મ... એનો અર્થ એનો એ થયો, ભાઈ! માગ્યું કે મને આપો. મુનિરાજ તો આમ ચાલતા.. ચાલતા.. આનંદકંદમાં વિકલ્પ ઊઠ્યો છે. કોઈ કહે કે, મહારાજ! પધારોને મહારાજ! આહાહા..! ત્યાં આહાર લે છે, જુઓ! એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એવું નથી આવ્યું? એમ કહે એ આહાર લે છે ને? એ ક્યાં પણ વેપારી દુકાને બેઠો એને કોઈ આવે તો માલ લઈ જાવ. એ કાંઈ એને ઘરે નથી જતો, કે આવો.. આવો. એમ પોતાને આ જાતની આહાર લેવાની ક્ષુધા છે તો કોઈને એ જાતની યોગ્યતાથી આપો તો લે. નહિતર લેતા નથી. મોક્ષમાર્ગી જીવનના જીવન કેવા બાપા! આહાહા..! સમજાણું કાંઈ? જુઓ!

**'મહિનાઓ સુધી...'** યાચે નહિ, હોં! યાચના પરિષહ એમ લોકો એમ કહે છે. ભાઈ! માગવું એ પરિષહ. માગવું તો ભિખારી માગે છે, એ પરિષહ હોય? ત્યાં જઈને આહાર દ્યો, પાણી દ્યો, ફલાણું દ્યો.

મુમુક્ષુ :– માગ્યા પછી ન આપે તો દુઃખ ન થાવું એમ.

ઉત્તર :– ના એ નહિ. માગવું એ જ પરિષહ છે કહે છે. કેમ કે માન મૂકીને માગવું છે ને માટે એ યાચના પરિષહ છે, ઇ એમ કહે છે. એ ખોટી વાત છે. એમ અર્થ કરે છે. પેલું નહિ. યાચનામાં લજ્જા છોડીને માગે છે એ પરિષહ કહે છે. ના ના એ તો ભિખારી છે. યાચના કરવી નહિ એનું નામ પરિષહ છે. સમજાણું કાંઈ? અરે..! ભગવાન પાસે મોક્ષ યાચે છે ત્યાં વળી આ તે યાચના કેવી એને? આહાહા..! આત્મા પાસે કેવળજ્ઞાન માટે ઝુરી રહ્યો છે ને. સાધુ એટલે આત્મા પરમાત્મા થવા માટે ઝુરી રહ્યો છે. ઘણા વિકલ્પ ઊઠે, વળી અંદર ઠરે. વળી વિકલ્પ ઉઠે અને ઠરે. એ આનંદદશા.. આહાહા..! એને આવી દશા હોય છે એ યાચના કરતો નથી. સમજાણું કાંઈ? બે વચ્ચે મોટી ચર્ચા છે.

અરે..! ભાઈ! વીતરાગ માર્ગ છે એ એમ રહેશે. કોઈથી બદલ્યો ફરશે નહિ. બાપુ! એ તો અનાદિના માર્ગ છે. એ માર્ગે અનાદિ-અનંત સંતો ગયા છે. અનંત ગયા છે, ભાઈ! એ માર્ગ તો અનાદિનો છે. એને કોઈ કાળે ફેરવી નાખે તો કાંઈ માર્ગ ફરે એવો નથી. આહાહા..! અરે..! એની શ્રદ્ધા અને ભાવના તો કર તું. 'સેઠી'! બાહ્યાંતર. જુઓ! 'શ્રીમદ્'ને.

**એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો.**
**અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા. પરમમિત્રનો જાણે પામ્યા યોગ જો.**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.**

ધર્મીની તો ભાવના એ હોય, ભાઈ! હું બહુ લક્ષ્મીવાળો થાઉં, રાજા થાઉં, માન મળે. અરે..! એમાં તો તું મરી ગયો, હવે સાંભળને. સમજાણું કાંઈ? અહો..! મને ક્યારે એવી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભાવનાથી આવો ભાવ આવે? સમજાણું કાંઈ? પુરુષાર્થથી આવે, હોં! કાંઈ એની મેળે આવી જાય એમ નહિ પાછું. એવી ભાવના કરે. સમજાણું? એના પણ અમારે (સંવત) ૧૯૭૭ની સાલમાં મોટા વાંધા ઉઠ્યા હતા. એવી ભાવના બોલે છે તો ક્યાં એને મુનિપણું લેવું હતું તો કોણ એને રોકતું હતું? આ 'વછરાજભાઈ' તે દિ' હતા. તમારો બીજો પેલો કોણ 'ધ્રોળ'વાળો? 'ઠાકરશી' એ હમણાં ત્યાં 'આફ્રિકા'માં છે. 'નાઈરોબી' છે. બેય જણા હતા. ૧૯૭૭-૭૭ની સાલ. આસો સુદ ૧૫. પોષા હતા. કે ભાદરવા સુદ ૧૫, એટલો મહિનાનો ફેર. ત્યાં હતાં અને આ બે જણ આવ્યા હતા. ત્યાં એમાં 'મૂળચંદજી' એવું બોલે, એવું બોલે. એને મુનિપણું લેવું હતું તો કોણ રોકતું હતું? ઢોંગ કરે છે. અરે..! ભાઈ! મુનિપણું એમ કે લ્યો આ લુગડા ફેરવીને બેસી ગયા એ મુનિપણું. એવા મુનિપણા તો દ્રવ્યલિંગ પણ નથી તારા, હવે સાંભળને.

દ્રવ્યલિંગ તો જેને અઠ્યાવીસ મૂળ નગ્ન દશા થાય, સમ્યગ્દર્શનનું ભલે ભાન ન હોય એને દ્રવ્યલિંગ કહીએ. વસ્ત્ર-પાત્ર સહિતને દ્રવ્યલિંગ પણ ન કહેવાય. આને કહે જુઓ! આવું લેતા નહોતું આવડ્યું? એય..! 'ન્યાલભાઈ'! 'શ્રીમદ્'ને એમ કહ્યું, ૧૯૭૭ની સાલમાં. કેટલા વર્ષ થયા? ૪૬ વર્ષ થયા. પૂનમનો દિવસ હતો. પોષા કરેલા. એમાં 'મૂળચંદજી' ભડક્યા બહુ. હું ઉપર હતો. .. એને મુનિપણું. બાપુ! નીચે ઉતરીને કહ્યું. એને નહિ. એને તો કહેવાય નહિ. એ તો બળે. એક 'ઉજમશીભાઈ' ત્યાં છે. એને કહ્યું, ભાઈ! ઠાણાંગમાં ત્રણ બોલ ચાલ્યા છે ને, ભાઈ! ભાઈ! ત્રણ બોલ ચાલ્યા છે. શ્રાવકને ક્યારે હું અલ્પ અને ઘણો પરિગ્રહ છોડીશ? ક્યારે હું મુનિપણું લઈશ? અને ક્યારે હું સંથારો કરીશ? બાપુ! કીધું ઠાણાંગને ત્રીજે ઠાણે આ મનોરથ ત્રણ ચાલ્યા છે ને? આ ૧૯૭૭ની વાત છે. ૪૬ વર્ષ પહેલાની વાત છે. ભાઈ! કીધું આ કરે છે આમ, ભગવાન ! આમ કહે છે ને. અને તેં મનોરથ ચિંતવે એ ઢોંગી હશે? મુનિપણું લે તો જ આવું થાય? તો મનોરથનો પ્રશ્ન ક્યાં છે? ભાઈ! એ 'ઉજમશી'ને કહ્યું હતું. પેલો તો તપી જાય. કષાય (એટલો કે) શાંતિથી સાંભળે પણ નહિ. આ તો કહ્યું, ભાઈ! કીધું શ્રાવકના ત્રણ મનોરથ છે ને? શ્રાવક સમકિતી છે, ગૃહસ્થાશ્રમમાં છે. 'શાંતિભાઈ'! છે ને? ત્રણ મનોરથ આવે છે. મુનિપણું લઈ લે તો જ એ મનોરથ સાચો કહેવાય ? મનોરથ અરે..! ક્યારે આવે? ક્યારે આવે?

મુમુક્ષુ :– પછી એમ બોલાય...

ઉત્તર :– બોલે શું? બોલે તો મૌન થઈ ગયા'તા. કહે છે તો સાચું. પણ પોતાનો હઠ. બાપુ! ગૃહસ્થાશ્રમમાં થોડોઘણો પરિગ્રહ ક્યારે છોડું? હું ક્યારે મુનિ થાઉં? અને ક્યારે મારો સંથારો થાય? શાંતિમરણે. એવી ભાવના શ્રાવકને ગૃહસ્થાશ્રમમાં હોય છે. 'પોપટભાઈ'! આહાહા..! અરે..! મોક્ષના ભણકાર જેને વાગ્યા છે એને તે આ જાતની ભાવના કેવી હોય છે? નક્કી થઈ ગયું હોય છે કે અલ્પકાળમાં મારી મુક્તિ છે હવે. હવે આપણે સંસારથી

www.vitragvani.com



છૂટ્યા. એને આવી મનોરથની ભાવના હોય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– મુનિપણું કોને કહેવું એની ખબર ન મળે. લુગડા છોડીને બેસે એમાં મુનિપણા ક્યાં હતા? એવાને મુનિપણા માનવા ગૃહિત મિથ્યાત્વનું પોષણ છે. ગૃહિત મિથ્યાત્વનું પોષણ છે. અનંતસંસાર ક્ષણે ક્ષણે વધારે છે. આકરી વાત, બાપા! આ તો માર્ગ છે આવો, હોં! કોઈ વ્યક્તિને માટે વાત નથી. સમજાણું?

**'વર્ષો સુધી પણ ન મળે છતાં તે મુનિરાજ કદી કોઈ શ્રાવક પાસે આહારની યાચના કરતા નથી, તેથી જ મુનિની વૃત્તિને સિંહવૃત્તિ કહી છે.'** જુઓ! સિંહ તે ત્યાં જઈને માગતો હશે? એ હરણ! આવજે મારી પાસે. મારે ખાવું છે. સિંહવૃત્તિ છે. સહેજે મળી જાય તો લે છે. યાચના કેવી? માગવું કેવું? ચેષ્ટા ન બતાવે. ક્ષુધા લાગી છે તો કાંઈક આપો. એમ નહિ. આહાહા..! અહીં તો સાધુ નામ ધરાવીને એને માટે કરે, કરાવે. કરતા હોય તો ઠીક માને. બરાબર છે. ટાણે આવ્યા ને મહારાજને આહાર આપવાથી મોટો લાભ થાય. રસ્તામાં વળી આહાર દેવાથી બહુ લાભ થાય. અરે..! ભગવાન! આ માર્ગમાં તારો આરો નહિ આવે, બાપા! સમજાણું કાંઈ? યાચના ન કરે. **'આ રીતે યાચના પરિષહને જીતે છે.'**

**'૭. અરતિ પરિષહ – જગતના જીવો ઇષ્ટ પદાર્થ મળતાં રતિ માને છે અને અનિષ્ટ પદાર્થ મળતા અરતિ-ખેદ માને છે, પણ તે પરમયોગી ભલે જંગલમાં રહે,..'** સંતો જંગલમાં રહેતા હોય છે. આહાહા..! **'કોઈ તેમને ભલા (સારા) કહે,..'** તોપણ શાંતિ છે. **'કોઈ તેમને બૂરા (ખરાબ) કહે...'** નાગા હાલી નીકળ્યા છે. જગતમાં ભૂખ્યા-તરસ્યા ભિખારી લાગે છે (એમ કહે) **'તોપણ કદી પોતાના ચિત્તમાં ખેદ કરતા નથી.'** 'ગોંડલ'માં એક કોઠારી હતો. મગજ ફરી ગયેલો. 'અમૃતલાલ'. રસ્તામાં ડેલો (હતો) એ ડેલામાં. સાધુ વ્હોરવા આવે તો કહે, એય..! એને આહાર દેજે.. આહાર. બિચારા ભૂખ્યા આવ્યા છે. મગજ અસ્થિર હતું. અપાસરાની ઓલી કોર. સ્વામિનારાયણનું મંદિર હતું એની આની કોર. એ બોલ્યો હતો એ અમને ખબર છે, હોં! એની વહુ બહુ બિચારી ખાનદાની. બૈરા બહુ ખાનદાન. મહારાજ! એને બોલવાની એને.. મગજ અસ્થિર છે, હોં! આપ ધ્યાન ન દેશો. મગજ અસ્થિર છે, એમ બોલે. 'ગોંડલ'માં. આ તો બધું અમારે ઘણું અનુભવાયેલુંને. બાઈ બિચારી ખાનદાન બાઈ. મહારાજ! એ બોલે એમાં ધ્યાન ન આપશો. એનું મગજ અસ્થિર છે. પધારો.. પધારો.. પધારો. પેલો એમ કહે કે એય..! આને આપજે આપજે બિચારા ભૂખ્યા હશે. મગજ અસ્થિર શું કરે? એમ આ ગાંડાઓ છે. સાચી વાત ન સમજે એનું મગજ અસ્થિર છે. આવું માની લે છે. વસ્ત્ર-પાત્રસહિત ને મુનિને યાચના... આહાહા..! પાગલ છે પાગલ કહે છે. ભાઈ! એ પાગલની સામું જોઈશ નહિ, ભાઈ! કહો, સમજાણું?

**'જંગલમાં રહે, કોઈ તેમને ભલા (સારા) કહે, કોઈ તેમને બૂરા (ખરાબ) કહે તોપણ**

www.vitragvani.com



**કદી પોતાના ચિત્તમાં ખેદ કરતા નથી.**' શાંતિ ઝરે. આહાહા..! વગર કારણે ચાલ્યા જતા હોય અને પથરો મારતા જાય. કહો, સમજાણું? સ્વતંત્ર છે એ પરમાણુ પર્યાય ભજવાની. અરે..! આવો સાધારણ માણસ મને આમ કરે! એમ ન વિચારે. એવો વિકલ્પ કરે નહિ. સંસાર એમ જ ચાલે છે. પોતે આત્માની શાંતિથી અરતિને થવા દે નહિ.

'**૮. અલાભ પરિષહ – જેમ આહાર વગેરે ન મળવાથી તેની યાચના કરતા નથી તેમ મહિનાઓ સુધી આહારની પ્રાપ્તિ ન થવા છતાં પણ પોતાના મનમાં રંચમાત્ર પણ ખેદ લાવતા નથી.**' સમજાણું કાંઈ? આહાહા..! '**આ રીતે અલાભ પરિષહનો જય કરે છે.**' જુઓ! ન મળે તો ખેદ નથી કરતા કે અરે..રે..! આ મજુર માણસો આ રોટલા પેટ ભરીને ખાય. અમને જરા પણ આહાર નહિ!

મુમુક્ષુ :– આજના શ્રાવકોને સાધુને કેમ વહોરાવું એ પણ આવડતું નથી.

ઉત્તર :– કેમ વહોરાવું અને કઈ વસ્તુ દેવી એની પણ ખબર નથી. હવે તારે શું કામ છે? અલાભથી શાંતિ રાખે છે. આહાહા..! સમજાણું? એ આ પાછું ગૃહસ્થાશ્રમમાં પણ આ બધું સમજવા જેવી વાત છે, હોં! આ એકલી મુનિની વાત નથી ચાલતી. બધાને આવું કરવું પડશે. એ કર્યા વિના એને ધર્મ–શાંતિ નહિ વળે.

એકદેશથી ગૃહસ્થાશ્રમમાં પણ ભાન સહિત સહન કરવું. સરળ મુનિ તો મહા અણગારે જાયા. જન્મ નવો થઈ ગયો એ તો. દશા વીતરાગ પ્રગટી એ જન્મ નવો થઈ ગયો. એવો પાઠ આવે છે. અણગારે જાયા. અણગારપણે જન્મ્યા–વીતરાગભાવે અંદરમાં જન્મ્યા. આખો ભવ બદલી ગયો, અવતાર બદલાઈ ગયો. અમે વાણિયા હતા ને આ ફલાણા રાજા હતા, બધું મટી ગયું. અમે પુરુષ છીએ અને આ સ્ત્રી, બધું મટી ગયું. અણગારે જાયા. વીતરાગદશાના પુત્ર થઈ ગયા. એનો જન્મ થઈ ગયો. આહાહા..! શ્વેતાંબરમાં એવો શબ્દ આવે છે. એ વખતે વાત કરતા, હોં! થોડું થોડું કરતા.

એ કહે છે. મહિના મહિનાનો આહાર ન મળે તો પણ શાંતિ રાખે. સમજાણું? સંસારમાં પણ અનેક પ્રકારે બને છે ને? આમ ચુરમાના લાડવા કર્યા હોય અને ૧૦૬ ડિગ્રીનો તાવ. ખાવા માટે કર્યો હોય. આઠ વાગે કીધું કે આ કરજો. ઘરમાં ૨૫ માણસ. આમ ચુરમુ, પતરવેલિયાના ભજીયા તળીને મૂક્યા હોય. આઠ વાગે ત્યાં સડસડતો ૧૦૬ તાવ. કાંઈ ખવાય નહિ. મુનિનો તો શાંતિથી દુનિયાના ઢગલા દેખે, એ મને નહિ? આહાર ન મળે છતાં એવી શાંતિ રાખે તેને અલાભ પરિષહ જીત્યો કહેવામાં આવે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)